

## ધ્રુવતારક

સંપ્રદાયોના વાદોની જાળમાં આજે વિશ્વ અટવાયું છે. એક વાદ બીજા વાદને ઉખેડવાની ધૂનમાં એ માણસને ખૂદને જ ઉખેડવા તત્પર બન્યો છે. આવા સંયોગોમાં સંપ્રદાયથી અતીત એવા સંતોના સુવાકયો એક બીજાના દૃષ્ટિકોણને સમજવામાં એક ન્યાયાધીશની ગરજ સારે છે. અને માનવીને સંપ્રદાયનું નહિ, પણ સત્યનું દર્શન કરાવે છે. ધર્મ એ ઝઘડવા માટે નહિ પણ ઝગડાનો અંત આણી પરમ શાન્તિ પામવા માટે છે. આ દર્શન આવા સંત વાકયોના સંચયથી થાય છે.

સૂત્રો એટલે જીવનના લાંબા અનુભવને ટૂંકમાં કહેવાની કલામય પદ્ધતિ. આ સૂત્રો, અંધારી રાતે સાગરમાં સફર કરતા મુસાફરને ધ્રુવતારક જેમ પ્રેરણા આપી દિશા સૂચવે છે તેમ, માણસને ભૂલો કરતો અટકાવી ઉપર લઇ જવામાં સહાયક બને છે.

"સદાચારના સૂત્રો"ની પ્રસ્તાવનામાંથી

—પૂ. ચિત્રભાનુ

વર્ષ ૩ જું

અંક ૧ લો

# દિવ્યદીપ

# સંતસરિતા

હિમાલયમાંથી વહેતી ગંગા જ્યાંજ્યાંથી પસાર થાય છે ત્યાંના કિનારાની ધરતીને હરિયાળી બનાવતી જાય છે અને ત્યાં વસતી પ્રજાને શકિત–શાંતિ તેમ જ શીતળતાનું પ્રદાન કરે છે. અને એટલે જ સૌ એને પોતાની માને છે.

બસ એ જ રીતે મહાપુરુષ પણ જ્યાંજ્યાંથી પસાર થાય છે ત્યાંના માનવીઓની હૃદયધરતીને હરિયાળી બનાવતા જાય છે અને સ્નેહ, શાંતિ અને માનવતાનું પ્રદાન કરે છે. એમના જીવનની પ્રત્યેક ક્ષણ માનવકલ્યાણ માટેના સમર્પણમાં ખરચાઈ જવાની હોય છે.

એટલે જ, સામાન્ય માનવની વર્ષગાંઠ વ્યકિતગત રીતે ઊજવાય છે, જ્યારે મહાપુરુષની જયંતી સારુંય વિશ્વ ભકિતભાવથી ઊજવે છે.

એમની જીવનસાધના પામરતામાં પરમ તેજ પ્રગટાવવા માટેની હોય છે. મોહની પ્રગાઢ નિદ્રામાં સૂતેલા માનવીઓને એ ઢંઢોળીને જગાડે છે.

માનવીના મનની નિર્બળતાને દૂર કરવાની બાબતમાં તો વિજ્ઞાન પણ નિર્બળ છે. એ બાબતમાં તો જગતકલ્યાણ માટે જીવનારી વિભૂતિઓ જ કામિયાબ નીવડે છે. એની કરુણામયી આંખમાંથી પ્રગટતું પરમ તેજ માનવીની પામરતાને હટાવી દઈને પુરુષાર્થ માટેની પ્રેરણા આપે છે અને માટીમાં માનવતાનું સર્જન કરે છે. એ જ્યાં જાય છે ત્યાં સ્નેહ અને સૌજન્યની સુવાસ ફેલાઈ જાય છે.

આવી વિભૂતિઓનું સમસ્ત જીવન ઉપદેશમય હોય છે; કારણ કે એમની વાતો કેવળ વિચારમાં જ નથી હોતી, આચરણમાં પણ વ્યકત થતી હોય છે. સૂર્ય આકાશમાં આવે ત્યારે જેમ પ્રકાસના ફુવારા છૂટે છે તે રીતે એમના આગમને માનવતાથી વાતાવરણ મહેકી ઊઠે છે.

—પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

# "દિવ્ય દીપ"

આ છે એક નાનો દીપ, કરતો ઊજ્જવળ જ્યોતિ પ્રદીપ
પ્રકાશ વેરતો એ ચોમેર, અંતરને અર્પતો મીઠી લહેર.

પ્રિય વાચક,

"દિવ્ય દીપ" બે વર્ષ પૂરાં કરીને, આ અંકથી ત્રીજા વર્ષમાં પ્રવેશતાં આનંદ અનુભવે છે. શિશુને અનુભવ તો શું હોય ? ચાલવાનો પ્રયત્ન કરતાં લથડિયા પણ ખાય ! પરંતુ હિંમત હાર્યા વિના વધુ પ્રયત્ને, ધ્યેયને પહોંચવાના એના મનોરથ છે.

બે વર્ષનાં અનુભવનો પ્રકાશ અમને ઠીક ઠીક મળ્યો ! અમારી કલ્પના બહાર હજારો ભાઇ-બહેનોએ ગ્રાહક બનીને, અમારી આ પુણ્યમય પ્રવૃતિને જે ઉત્તેજન આપ્યું છે તે અનુભવ અમારે માટે અત્યંત પ્રેરણાત્મક અને આનંદદાયી છે.

આ મહીને, ત્રીજું વર્ષ શરૂ થતાં, રોજેરોજ જે રીતે ઓફિસે રૂબરૂમાં અગર મનીઓર્ડર દ્વારા લવાજમ પર લવાજમો આવી રહ્યાં છે તે અનુભવ અમારા કાર્યમાં ઉત્સાહની ઉષ્મા ભરી દે છે. આપનામાંથી જેમનાં લવાજમો બાકી હોય તે, પોતાની અનુકૂળ રીતે મોકલાવી આપી, નમ્ર સેવા આપતા કાર્યકરોને વી. પી. કરવા જવાની તકલીફમાંથી ઉગારશો એટલી વિનંતી છે.

આનું વાર્ષિક લવાજમ માત્ર ત્રણ જ રૂપિયા રાખવાનું કારણ એ છે કે સામાન્યમાં સામાન્ય વર્ગને પણ આવા જ્ઞાન પ્રકાશથી વંચિત રહેવું ન પડે અને તેથીજ તો, ખોટ ખાવા છતાંય સેવા કરવામાં આનંદ રહે છે.

આપને આ સાત્ત્વિક વાચન ગમે જ છે તો, આપ એટલું કરો કે આપનાં સ્નેહી સંબંધીઓને ગ્રાહક બનાવવા ઉપરાંત, બની શકે તો, કોઈક વ્યક્તિઓને, અનાથાશ્રમોને, બાળાશ્રમો, ગુરૂકુળોને કે પુસ્તકાલયોને આપની તરફથી રૂા. ૩) લેખે લવાજમ ભરી-ભરાવીને આપની તરફથી ભેટ મોકલો અને એ રીતે જ્ઞાનરૂપ અત્તરની સુવાસ પ્રસરાવવાની અમારી શુભ પ્રવૃતિનાં આપ પણ એક ધન્ય સહભાગી બનો ! આપના તરફથી ભેટ મોકલવાની સૂચના કરશો તો ત્યાં જાણ કરીશું.

જે જે સજ્જનો, પૂ. જિજ્ઞાસુ મુનિરાજોને તથા પુસ્તકાલયો તથા અન્ય સંસ્થાઓને ભેટ તરીકે "દિવ્ય દીપ" મોકલવા માટે નાની મોટી રકમો અમોને પાઠવે છે અગર જાહેરખબર દ્વારા સહાય આપે છે તેમનો સૌનો સંસ્થા તરફથી હું હાર્દિક આભાર માનું છું.

લિ. સેવક,
ચંદુલાલ ટી. શાહ
વ્યવસ્થાપક અને તંત્રી.

## રત્નત્રયી...........

ગતાંગથી ચાલુ

ચાણક્ય નાનો હતો. એને ઘેર સાધુ વહોરવા આવ્યા. બાળકના દાંત જોઇને સાધુના મોઢા પર સુંદર સ્મિત આવ્યું. માએ કારણ પૂછ્યું. સાધુએ બાળકના દાંત જોઇને કહ્યું કે આ બાળક સમર્થમાં સમર્થ સમ્રાટ થવાનો છે, એવાં ચિહ્નો છે. મા ધર્મિષ્ઠ હતી, થયું કે સમ્રાટ થવું એ એક ભવની વાત છે પણ સમ્રાટ થતાં સંહાર કરી દુર્ગતિએ જવું એ ભવોભવની વાત છે. એના કરતાં સમ્રાટ ન થાય તો શું ખોટું? માએ કાનસ લઇને દાંત ઘસી કાઢ્યા. બાળકને ખૂબ દુઃખ થયું. મા બાળક માટે આ ભવનું નહીં પણ ભવોભવનું હિત ઇચ્છે છે. બાળકના આત્માના હિત માટે માએ હૃદય કઠોર કર્યું. ચાણક્ય સમ્રાટ ન થયો પણ પછી સમ્રાટનો સર્જક જરૂર થયો.

તમે બાળકનું શ્રેય ઇચ્છતા હો તો જીવનમાંથી ચૂંટી ચૂંટીને સારી વાતો કહો. બાળકનું મન કોમળ, સુકુમાર, નિર્દોષ હોય છે સારી વાતો મૂકતાં બાળકના મનમાં સ્વપ્નો ઊભાં થાય છે. દરેક બાળક આગળ આદર્શ મૂકો. એ આદર્શ માટે એના મનમાં વિચાર ઊભા કરો. તમે બાળક આગળ સારી વાત ન મૂકો, સુંદર આદર્શ ન મૂકો એટલે એ નિર્દોષ બાળક સીનેમામાંથી Copy કરે. આપણે Substitute તરીકે કાંઇક આપવું જોઇએ.

આ સ્વજનો ગયા જન્મમાં હતાં. આ જન્મમાં છે. આવતા જન્મમાં રહેવાનાં છે. આ જન્મમાં આવેલ સ્નેહીનું સારું કરીએ તો આવતાં જન્મે તેઓ ઊંચા આવે.

બાળકોના મનમાં સુંદર વિચારોનાં બીજ વાવવાથી તેમની મનોભૂમિ પર તે વૃક્ષ બનીને આવે છે. બાળકને સુંદર વિચારો, સુંદર વાચન આપી તેમનું મન તૈયાર કરવાનું છે. પહેલા સુંદર મન પછી જ ધન. આજે મન ઓછું પણ ધન વધારે છે.

આત્મજ્ઞાનવાળી વ્યક્તિ સુખ અને દુઃખમાં સમાન રહે. પૈસાથી અહંકારી ન બને, નિર્ધનતામાં દીન અને કંગાલ ન બને. સાધનોની વિપુલતામાં એટલી જ નમ્રતા અને સાદાઇ રહે તે આ દૃષ્ટિના જ પ્રતાપે.

ચરોતરમાં વિહાર કરતાં એક ધનાઢ્ય ભાઇ મળ્યા. તેમના કપાળમાં મોટો ઘા હતો. ગરિબાઇમાંથી શ્રીમંત થયા હતા. સાદાઇથી રહે અને પૈસા દાન વગેરેમાં વાપરે. એમના કપાળના ઘા વિશે પૂછતાં કહ્યું કે 'આ ઘા મારો ગુરુ છે. આ ઘાએ ગુરુનું કામ કર્યું છે.' તેમણે કહ્યું કે નાનપણમાં હું ધનવાનના મકાનની બાજુમાં રહેતો હતો. ધનવાનના દીકરા રમવા આવે ત્યારે કોઇવાર ખીસ્સામાંથી ચોકલેટ વગેરે કાઢીને ખાય અને કોઇવાર મને આપે. એકવાર તેમની માએ આપવાની ના કહેવાથી મને ન આપી. બાળકો માએ આપેલ વિચારોનું પ્રતિબિંબ છે. Carbon Print છે. હું ઘેર જઇ રડવા લાગ્યો. માએ ઘણું સમજાવ્યો પણ મેં હઠ પકડી. માએ ધનવાનને હાથ જોડીને કહ્યું કે તમે તમારાં છોકરાંઓને ઘરમાં ગમે તે ખવડાવો પણ બહાર જઇને ખાય અને તેમને જોઇને અમારા છોકરાં અમને હેરાન કરે છે. આ સાંભળી શેઠાણી તો ગરમ થઈ ગઈ. "મારા છોકરાં બજારમાં અને શેરીમાં બધે ફાવે તે ખાશે." કહી મારી માને બહાર કાઢી. હું સમજ્યો કે મા અંદર ચોકલેટ લેવા ગયેલી છે. મા નીકળી એટલે મેં ચોકલેટ માંગી. માને દુઃખ થયેલું, અપમાન થયેલું એટલે બાજુમાં પથ્થર પડેલો તે ક્રોધમાં લઇને મારા પર ઘા કર્યો,

વાગ્યું, લોહીની ધારા નીકળી. માને ઘણું દુઃખ થયું ને હું ફરીથી માંગવાનું ભૂલી ગયો, મોટો થયો. પૈસાદાર થયો પણ ઘા રહી ગયો. રોજ કાચમાં મ્હો જોતાં ઘા યાદ આવે છે. એની પાછળ રહેલી જિંદગીની વાત યાદ આવે છે. "બીજાના સુખે તારા કપાળમાં ઘા કર્યો પણ હવે તારું સુખ બીજા કોઈનો કપાળમાં ઘા ન કરે તે ધ્યાન રાખજે." એમ આ ઘા ગુરુની જેમ મને કહે છે. મેં મારા ઘામાંથી આ પાઠ લીધો છે. અરિસો સાદાઈથી જીવન જીવવાની યાદ આપે છે.

દરેક માણસે વિચારવાનું કે આપણું આધ્યાત્મિક સુખ બાળકને પણ કેમ મળે. એવું જ્ઞાન ન આપીએ તો કોઈકના કપાળમાં ઘા કરી જાય. સમાજને નુકશાન કરી જાય. આ જવાબદારીની વાત છે. એ માટે પહેલાં આપણને દર્શન થવું જોઈએ. લગની લાગવી જોઈએ કે મારામાં આત્મા છે તે શુદ્ધ રહેવો જોઈએ. એ આત્મા સર્વમાં છે. ગયા જન્મમાં હતો, આ જન્મમાં છે અને હજુ પ્રવાસ ચાલુ જ છે.

ઉપાવાસ, ધ્યાન, તપ જે કરો છો તે આત્માની નિર્મળતા માટે છે. કારણ કે એમ કરતાં કરતાં શુદ્ધિનો અનુભવ થાય છે.

જ્યારથી આત્મા છે એવી પ્રતીતિ થઈ એ દર્શનની શરૂઆત. મોક્ષ મળ્યો એટલે દર્શનની પૂર્ણાહૂતિ. આત્માની ઓળખ એટલે દર્શનનો પ્રારંભ અને આત્માની કર્મોથી મુક્તિ થતાં દર્શનની પૂર્ણાહૂતિ.

આત્માની ઓળખાણ ન થાય ત્યાં સુધી કંઈ નથી. તમે માત્ર આ દેહને જ ઓળખો છો – આત્માને ભૂલીને.

જે પોતાને જ ન ઓળખે કે હું આત્મા છું, જ્યોતિર્મય છું. ત્રણ કાળમાં મરવાનો નથી તે બીજાને ચૈતન્ય રૂપે કેવી રીતે ઓળખે? જે પોતાને જ જડરૂપે જુએ, અને માને કે પોતે પંચ ભૂતનું પૂતળું છે તે પોતાનાં સગાંઓને પણ પંચભૂતનાં પૂતળાં જ સમજે ને? જે પોતાને આત્મા રૂપે ઓળખે છે તે જ આધ્યાત્મની ઓળખાણમાં જગતમાં ચૈતન્યનો ધબકાર જુએ છે. થાય કે બધામાં મારા જેવો આત્મા પડયો છે. જેનામાં આત્મજ્ઞાન નથી તેના દુઃખનો પાર નથી. શરીરને ઓળખે છે અને તેમાં (શરીરમાં) થોડું ખરાબ થાય તો તેને દુઃખ થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં તો સ્ત્રી–પુરુષે લગ્નમાં પણ એ વાત ભૂલવાની નથી કે માત્ર સંસારના તુચ્છ ભોગ માટે આ જોડાણ નથી. પણ ધીમે ધીમે મોક્ષ માર્ગના સાથી થવા જોડાયા છીએ. સેવા અને અર્પણ વિકસતા જાય છે. પતિ માંદો થાય કે અપંગ થાય તો નભાવવાની ભાવના છે. પત્ની બિમાર થાય કે લાંબી માંદગીમાં આવી જાય તોય પતિ એની કાળજી કરુણાપૂર્વક લેતો જ રહે. જ્યાં ધર્મ નથી ત્યાં તો પતિ લાંબો સમય માંદો રહે તો divorce, લે. કારણ કે પંચભૂતનાં પૂતળાંને સુખ ન મળતાં છૂટાં પડે.

આત્માની ઓળખાણ થતાં સંસાર અનાસક્તિવાળો અને ઉચ્ચ વિચારણાનું ધામ બને છે. અત્યારે લોકો તુચ્છ સ્વાર્થ માટે ભેગાં થયાં છે. ઉણપ આવી તો તમે તમારે રસ્તે અને હું મારે રસ્તે. બન્નેના રસ્તા જુદા, પણ આત્માની ઓળખથી તો બન્ને એકબીજાને સહન કરે છે.

અંજના સતીને પતિનો વિયોગ ૨૨ વર્ષ રહ્યો. પવનંજય સામે જુએ કે નહી પણ બાઈ કહે કે આ તો શરીરની વાત છે, ચાલો સંયમ પળાશે. તે છતાં એના આત્માને હું તારીસ ૨૨ વર્ષે જ્યારે પવનંજયની આંખ ઊઘડે છે ત્યારે પશ્ચાત્તાપ થાય છે. રડે છે. કહે છે કે "હું દુષ્ટ હતો." પત્ની કહે છે કે "તમે દુષ્ટ હતા જ

નહીં. જો દુષ્ટ હતા તો આંસુ ક્યાંથી? હવે તો દુષ્ટતા પણ ધોવાઈ ગઈ." જાણે કે ૨૨ વર્ષમાં કાંઇ બન્યું જ નથી. આવી વાત આત્માની ઓળખાણથી થાય.

રત્નત્રયીની ત્રિપુટી જીવનમાં આવી જાય, ઓળખ થાય તો સંસાર જુદો જ બને. પછી તમે સાથે રહો પણ ઊર્ધ્વગતિએ પહોંચવા સદા તત્પર રહો.

આત્માની ઓળખાણ પછી નવમે-ભવે રાજુલ અને નેમ મોક્ષ પામ્યાં. નેમે જ્યારે રાજુલને પરણવાની ના કહી ત્યારે રાજુલ તેની બહેનપણીને કહે છે, "એ ભલે હાથ પર હાથ નહીં મૂકે પણ માથા પર તો હાથ મૂકશે ને?" આ આત્માની ઓળખાણ છે.

આત્મા છે એ જાતની સમજણ થાય ત્યારે દર્શનનો પ્રારંભ થાય. એ માર્ગે સાધના કરતાં કરતાં આત્મ કર્મમાંથી મુક્ત થાય. જ્યાં આત્મા કષાય, અને વિષાયથી મુક્ત થયો એટલે દર્શનનું કામ પૂર્ણ થયું.

આત્મા માટે તલસાટ, ભૂખ તે સમ્યગ દર્શન.

હું ચેતન છું એ દર્શન, જ્યાં સુધી દર્શન નથી, ત્યાં સુધી હું શરીર છું. દર્શન થાય એટલે હું આત્મા છું.

શરીરને સુખ દુઃખના આઘાત પ્રત્યાઘાત લાગે છે. આત્મ જ્ઞાનીને સુખદુઃખના આઘાત પ્રત્યાઘાત નથી લાગતા.

---

**ઊણપ**: માત્ર એક બીજાને પ્રેમ કરવો તે મિત્રતા નથી. પરંતુ અરસપરસની ઊણપને નિભાવી લેવી તે જ મિત્રતાનું સાચું સ્વરૂપ છે.

## સ્મૃતિની કેડીઓ

માનવ મગજનાં ૧૪ કરોડ જ્ઞાનકોષો અજબ રીતે સુંદર તંતુઓ સાથે વણાવાથી માનવીના મગજમાં એક એવી ગુંથણી થઈ છે કે જેનાથી માનવીનું મગજ અત્યંત મહત્ત્વની માહિતી સંગ્રહી રાખે છે અને જરૂર જણાય ત્યારે તેનાં સ્મૃતિનાં ભંડારમાથી જે જરૂરી છે તેને સરળતાથી બહાર લાવે છે. જેમ કે પેનફીલ્ડની મોટ્રીઅલ સંસ્થાનાં વૈજ્ઞાનિકો એવો દાવો કરે છે કે માનવી તેની જ્ઞાનેન્દ્રિયના સંસર્ગમાં આવતી દરેક ચીજને પૂર્ણ રીતે ગ્રહી લે છે. વિદ્યુત પ્રવાહથી મગજના અમુક ભાગોને આઘાત આપીને લાંબા કાળની જૂની, સ્મૃતિ પટ પરથી ભૂંસાયેલ બાબતો કે ઘટનાઓને વિગતપૂર્ણ રીતે કેટલાક લોકોના મગજમાં પેનફીલ્ડના આ વૈજ્ઞાનિકોએ તાજી કરી આપી હતી. ઘણા સમય પૂર્વે વાંચવામાં આવેલ કોઇ ગ્રંથના એક પાનાનો ઉતારો બરાબર મોઢેથી આ રીતે માણસ કહી શકે છે.

અત્યંત સંકુચિત અંદાજ અનુસાર. માનવીનું મગજ જે માહિતી સંગ્રહે છે તેને એક હજાર પાનાના દસ ગ્રંથોમાં પણ ભાગ્યેજ સમાવી શકાય; એટલે કે છૂટી છૂટી માહિતીની અબજો બાબતો અને ઘટનાઓ મગજના એક ખૂણે પડેલી હોય છે.

માનવી પાસે એવું કયું સાધન છે કે જેનાથી તે માહિતીના આ સાગરને સમાવે છે અને યાદ કરી શકે છે?

માનવીના મગજની આ સરસ યાંત્રિક રચનાની ગોઠવણી કઇ રીતે થયેલી છે તે ઉકેલાઇ જતાં યંત્ર વિશારદો, શરીર વિજ્ઞાન શાસ્ત્રિઓ અને તબીબીક્ષેત્રના નિષ્ણાતોના હાથમાં માનસિક રોગોના ઇલાજ માટે, યાદ શકિત ખીલવવાના પ્રશ્નમાં સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક ઇલાજો અજમાવવામાં એક શક્તિશાળી સાધન હાથમાં આવી જશે.

—સોવીયેત સમાચાર

# દાદી માની સમજણ !

'નસ્સુ, નીલુ અહીં આવો તો.' મીરસાહેબે બંને સાહેલીઓને વહાલથી બોલાવી બંનેનાં મોઢાંમાં બબ્બે બિસ્કીટ મૂકી દીધાં !

'અમારી ઢીંગલીઓ માટે કાંઈ ન લાવ્યા ને? તમારી સાથે કિટ્ટા !' બંને જણી ખાતી-ખાતી રિસાઇને બાજુએ ઊભી રહી.

'કાલે એને માટે ચોકલેટ જરૂર લઈ આવીશ, હં કે બેટા !'

નસીમ મીરસાહેબની દીકરી છે, નીલુ જોશીસાહેબની. મીરસાહેબ સિવિલ સર્જન છે. અને જોશીસાહેબ પ્રખ્યાત વકીલ. કેટલાંયે વર્ષોથી બંને પડોશી છે. નીલુ અને નસ્સુ એમની ઉંમરની બીજી છોકરીઓની જેમ જ ઢીંગલા-ઢીંગલીની રમત રોજ રમે છે. એમને માટે એમણે ઘર પણ બનાવ્યાં છે.

'નસ્સુ, નાસ્તો કરીને રમવા જા. લે, આજે તો વટાણાપૌંઆ બનાવ્યા છે. નીલુને પણ લેતી આવ.' અમ્મીજાને બૂમ પાડતાં કહ્યું.

નસ્સુને રકાબી ભરીને વટાણાપૌંઆ આપ્યા. અમ્મીજાનને મન તો થયું કે નીલુને પણ વટાણા-પૌંઆ જ આપું. પણ....'મારા હાથનું પકાવેલું એનાથી ન ખવાય !' મુસલમાન બ્રાહ્મણના ભેદની યાદે એમને તેમ કરતાં અટકાવ્યાં. એટલે અનેક જાતિના માણસોના હાથે તૈયાર થયેલ બિસ્કીટને વેફર આપી સંતોષ માન્યો.

'અમ્મા, એને પણ વટાણાપૌંઆ આપ ને !

એનાથી આપણું ન ખવાય !'

'કેમ ?'

અમ્મીજાન નિરુત્તર રહ્યાં. આ બાળકીને શી રીતે સમજાવવું ?

નીલુની મમ્મી અને દાદી પણ મીરસાહેબનાં બાળકોને જ્યારે નાસ્તો આપે છે ત્યારે પિત્તળના કે સ્ટીલના વાસણમાં નહિ, પણ માટીના કે કાચના વાસણમાં જ આપે છે. અને વળી જમવા બેસે ત્યારે એમની નજરથી ખાવાનું અભડાઇ ન જાય, એટલા માટે ત્યાં રમતાં હોય તો એમને સમજાવી પટાવીને બહાર મોકલી દે. રસોડામાં અને પૂજાની ઓરડીમાં તો તેઓ પગ જ મૂકી શકતાં નહિ.

આજે રવિવારના દિવસે નીલુની ઢીંગલી અને નસ્સુના ઢીંગલાના લગ્ન લેવાયાં હતાં, લગ્નસ્થળ હતું નીલુના ઘરની ગૅલેરી. બંને સવારથી એની વ્યવસ્થામાં પડી હતી. કંકુ, નાળિયેર, ચોખા રેશમી કપડાં, વાજું, નગારું અને એવી ભાત-ભાતની વસ્તુઓ બંનેએ પોતપોતાના ઘરમાંથી લાવીને ભેગી કરી હતી. પરંતુ પીઠી ચોળવા માટે હળદર લાવવાનું ભુલાઇ ગયું હતું. યાદ આવતાં જ બંને દોડતી દોડતી નીલુના રસોડે ગઈ. દાદી બંનેને આવતી જોઇ એકદમ ઊભાં થઇ ગયાં. બારણા આગળ જ રોકીને કહ્યું કે ચા પીને હમણાં જ હું હળદર આપી જાઉં છું.

'નીલુ, તારી મમ્મી ને દાદી મને તમારા રસોડામાં કેમ આવવા દેતાં નથી? મારા દેખતાં ખાતાં-પીતાં પણ નથી. એમ કેમ ?' આમ તો આવું પહેલાંયે ઘણીવાર બન્યું હતું પરંતુ નસ્સુને આજે એ કાંઇક સમજાયું. અને એના નાજુક દિલને આઘાત લાગ્યો. રડમશ ચહેરે નીલુના ગળામાં હાથ નાખતાં એણે પૂછયું.

'હું સમજાવું? તું મુસલમાન છે ને !' આંખના ભવાં ચઢાવી નસ્સુને ભેટી પડતાં નીલુ બોલી.

'અચ્છા ! તું મુસલમાન નથી ?' નસ્સુએ સામે પૂછયું.

'ના. હું જોશી છું. તારી અમ્મીજાન સલવાર પહેરે છે, મારી મમ્મી સાડી પહેરે છે, તે જોશી છે.' નીલુએ ઠાવકા મોંએ સમજાવ્યું.

'તું ક્યાં સાડી પહેરે છે? તું ફ્રોક પહેરે છે, હું પણ ફ્રોક પહેરું છું' નસ્સુનું મન આ ભેદ હજી પારખી શકતું નહોતું.

'બરાબર સમજાવું, નસ્સુ? જો આપણે હમણાં હજી નાનાં છીએ. જ્યારે આપણે મોટાં થશું ત્યારે હું મારી મમ્મીની જેમ સાડી પહેરીશ અને હું જોશી બની જઈશ. તું તારી અમ્મીજાનની જેમ સલવાર પહેરશે, અને તું મુસલમાન બની જશે. પછી હું તારા હાથનું નહિ ખાઉં. હમણાં તો હું નાની છું ને? નાનાં બાળકોને સમજણ ન હોય એટલે ખાય.' સમજણ વિનાની નીલુએ એની બાળભાષામાં નસ્સુને બધું સમજાવી દીધું.

'તું મારા હાથનું નહિ ખાય તો હું પણ તારા હાથનું નહિ ખાઉં. આપણે મોટાં થઇશું પછી હિન્દુ-મુસલમાન બની જઇશું. પછી હિંદુ-મુસલમાન વચ્ચે ખૂબ લડાઈ થશે. આપણે પણ ખૂબ લડશું, ખરું ને?' નસ્સુ નીલુની વાતનું સમર્થન કરતાં બોલી.

'તો પછી તારા ઢીંગલાની ને મારી ઢીંગલીની શાદી કેવી રીતે થશે? આપણે રમશું શી રીતે? સમજુ નીલુના નિર્દોષ મનમાં અણસમજણે સ્થાન લેતાં જ એણે ચિંતાતુર નયને પૂછયું.

'શાદી નહિ થાય તો ઢીંગલા-ઢીંગલીની લડાઇની રમત રમશું. તું મારા ઢીંગલાને છરી મારજે, હું તારી ઢીંગલીને છરી મારીશ. પછી ઢીંગલો ઢીંગલીના ઘરને આગ લગાડી દેશે.' ડાહી નસ્સુએ મૂંઝાયેલી નીલુને રસ્તો સુઝાડયો.

'હા, હા, સરસ! એ રમતમાં બહુ મજા પડશે.' નીલુની મૂંઝવણ દૂર થઇ ગઇ.

'તો જા, તારા રસોડામાંથી એ છરી જલદી લઈ આવ.' નસ્સુએ નીલુને કહ્યું.

'દાદીમા, મને એ છરી જલદી આપો ને. મોડું થાય છે.' નીલુએ રસોડામાં જઇને તાકીદની માગણી મૂકી.

'છરીને શું કરવી છે? હાથ કાપી નાખશે તો?' દાદીએ ગુસ્સાભેર થોડા આશ્ચર્ય સાથે પૂછયું.

'હાથ નહિ કપાય. અમારે હિંદુ-મુસલમાનની લડાઇની રમત રમવી છે. જલદી આપો ને!' નીલુ પગ પછાડતી હઠ પકડીને ઊભી.....

'લીલા, ઓ લીલા! અહીં આવ તો. હે રામ! જો તો! આ છોકરીઓ....ઓ ભગવાન! આવડી નાની છોકરીઓને તેં આવું બધું ક્યાં શીખવ્યું'?'

આવા ભેદ શીખવ્યા દાદીમાએ પોતે, અને કહે છે ભગવાનને કે "આવડી નાની છોકરીઓને તેં આવું બધું ક્યાં શીખવ્યું?

(શ્રી યશપાલજીની હિંદી વાર્તાને આધારે)

—હરિશ્ચંદ્ર

---

## વાચનનો રસ

વિશ્વભરમાં જેટલા અખબારો છપાય તેનો ત્રીજો ભાગ માત્ર સોવીયેટ સંઘમાંજ છપાય છે.

સોવીયેટ અખબારોનો વાર્ષિક ફેલાવો ૧૮ અબજ અને ૩૦ કરોડનો છે. દૈનિક અને સાપ્તાહિક ફેલાવો ૮ કરોડ ૪૦ લાખનો છે. વિશ્વભરમાં છપાતાં અખબારોનો આ ત્રીજો ભાગ છે. ત્યાં સામયિકોનો પણ વાર્ષિક ફેલાવો એક અબજ નકલોનો છે. પરદેશની પ્રજાઓમાં અને તેમાંય આ એક જ દેશમાં વાચનનો કેવો અપૂર્વ રસ છે તેનો આ પરથી ખ્યાલ આવશે.

# પ્રજાનું હિંસક વલણ

કોંગ્રેસ મહાસમિતિના સત્તાવાર મુખપત્ર "એ. આઈ. સી. સી. ઇકોનોમિક રિવ્યુ"ના છેલ્લા અંકમાં "વાયોલન્સ એન્ડ ડેમોક્રસી" (હિંસા અને લોકશાહી) એ શીર્ષક હેઠળ એક અગ્રલેખ લખવામાં આવ્યો છે, એનો સાર નીચે પ્રમાણે છે :–

"પંજાબમાં અને બંગાળમાં હમણાં જે ઘટનાઓ બની ગઇ તે ખરેખર દુઃસ્વપ્ન સમી છે. લૂંટ, આગ અને અન્ય હિંસક પ્રવૃત્તિથી બંને રાજ્યોમાં નાગરિક જીવન ખોરવાઈ ગયું. આ ઘટનાઓનું અત્યંત ભયંકર પાસું તો પાણીપતમાં ક્રોધાંધ બનેલા લોકોના ટોળાએ ત્રણ કોંગ્રેસીઓને જીવતા સળગાવી મૂકયા એ છે. વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરાને આ ઘટનાઓ અંગે એમ કહેવું પડયું કે 'આ દુર્ઘટનાથી હું ખરેખર શરમ અનુભવું છું; આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો જગતના સભ્ય રાષ્ટ્રોમાં ભારત ઉન્નત મસ્તકે રહી શકશે નહિ.' બંગાળ અને પંજાબના બનાવો સમસ્ત રાષ્ટ્ર માટે નેત્રદીપક બની રહે તે સવિશેષ ઇચ્છનીય લેખાશે. પોલીસ, હિંસાનો આશ્રય લેનાર ટોળાં પર ગોળીબાર કરે છે અને ગોળીબારથી લોકો ક્રોધાંધ બને છે. આ ચક્ર ચાલતું જ રહે તે કોઈ પણ રીતે ઇચ્છનીય નથી. પ્રશ્ન એ છે કે આ ચક્રને તોડવું કઇ રીતે?

એટલું તો સ્વીકારવું રહ્યું જ કે કોઈ પણ સરકાર લોકોનું ટોળું કાયદો પોતાના હાથમાં લે ત્યારે હાથ જોડીને બેસી રહી શકે નહિ. કોઇ પણ રાજકીય પક્ષ પણ એ પ્રત્યે આંખ આડા કાન કરી શકે નહિ. જો હિંસાખોરીને ડામવામાં ન આવે તો સરકાર કર્તવ્યચ્યુત થઇ લેખાય. એટલે પાણીપતમાં ત્રણ કોંગ્રેસીઓને જીવતા સળગાવી મૂકવાના અમાનુષી અપરાધ કરવા માટે જવાબદાર હોય તે સર્વને કાયદાની અદાલતમાં ખડા કરી તેને યોગ્ય કરવાનું સરકાર માટે અનિવાર્ય હોય જ.

## હવે હિંસાનું મોજું શમી ગયું છે.

હવે જાણે કે હિંસાનું મોજું શમી ગયું છે, પરન્તુ એણે જે વ્રણ સમાજ શરીર પર નીપજાવ્યા છે તે હજી દૂઝતા અટકયા નથી. તોફાનો ફાટી નીકળે છે ત્યારે કોમી તત્ત્વનો પ્રવેશ થતાં હિંસાનો આકાર બેહદ વિકૃત બની જાય છે. પંજાબમાં જે બન્યું તે કેવળ તોફાન ન હતું. એમાં કોમી તત્ત્વ દાખલ કરવામાં આવ્યું હતું. હિન્દુ અને શિખ આ બંને કોમો વચ્ચે કડવાશ જન્માવવાના વ્યવસ્થિત પ્રયાસ કરવામાં આવ્યા હતા. બે કોમો વચ્ચે કુસંપ અને અણબનાવ નીપજાવવામાં આવે તે આખા રાષ્ટ્રની એકતા માટે વિઘાતક છે. આ વસ્તુ કોઈના પણ ધ્યાન બહાર રહેવી જોઇએ નહિ, એટલું જ નહિ પણ, આ વલણનો દૃઢતાથી પ્રતિકાર થવો જ જોઇએ. પંજાબની દુર્ઘટનાના કાળા વાદળની જો કોઈ રૂપેરી કોર હોય તો તે એટલી કે શીખોમાં કેટલાંક ઠરેલ તત્ત્વો હતાં, જેણે જબરદસ્ત ઉશ્કેરાટની સામે પણ સંયમ જાળવ્યો હતો. આ ઠરેલ તત્ત્વોએ કોમ કરતાં રાષ્ટ્રને મહત્ત્વ આપ્યું એ જોતાં તેના દેશાભિમાનની ભારોભાર પ્રશંસા જ ઘટે છે. પંજાબમાં કોંગ્રેસી નેતાઓએ ૯મી માર્ચના નિર્ણયથી પંજાબમાં શીખોને કંઇ સાર્વભૌમ રાજ્ય નિર્માણ કરવાની સત્તા નથી મળી ગઈ–માત્ર પંજાબી સુબાની રચના કરવાની માંગણી સંતોષવામાં આવી છે.

હાલના પંજાબમાંથી પંજાબીભાષી વિસ્તારનું એક અલગ ઘટક રચાશે. તો આ માત્ર ભાષાકીય અભિગમ છે. કોમી અભિગમ નથી. જે નિર્ણય થયો છે તે શાણપણયુકત છે. નિર્ણયમાં વિલંબ

થયો તેટલા જ કારણસર એ ઓછો આવકારપાત્ર નથી. સારાયે પંજાબની સત્તાવાર ભાષા પંજાબી રાખવામાં આવે એ વાત એ રાજ્યનો હિંદીભાષી વર્ગ સ્વીકારવાને તૈયાર ન હોય તો યથાવત્ સ્થિતિ દીર્ઘકાળ પર્યન્ત ચાલુ રાખવાનું કોઇ પણ રીતે શક્ય નહોતું જ. વળી સંસદીય સમિતિના હેવાલમાં પણ હિન્દીભાષી હરિયાણા રાજ્ય નિર્માણ કરવાની ભલામણ તો થઇ જ છે. કોંગ્રેસીઓએ આ વસ્તુ સ્થિતિ સમજાવી લઘુમતી જનોની ભડક દૂર કરવી જોઇએ. તેમનું એ કર્તવ્ય છે નવું નિર્માણ થનરું રાજ્ય એ ભારત સંઘનું ઘટક રાજ્ય રહેશે જ. ભારતથી અળગું થઇને તે કોઇ સાર્વભૌમ રાજ્ય બની રહેવાનું નથી. રાષ્ટના બંધારણમાં લઘુમતી પ્રજાના હક્ક અને અધિકાર સ્વીકારવામાં આવ્યા છે તે અનુસાર આ વસ્તુ બની છે.

મહારાષ્ટ્ર અને ગુજરાત આ બે અલગ રાજ્યો રચાયાં તે પંજાબની પ્રજા માટે એક ઊજજ્વલ દષ્ટાન્તરૂપ બની શકે એમ છે. ગુજરાતીઓ મહારાષ્ટ્રમાં અને મહારાષ્ટ્રીઓ ગુજરાતમાં સમૃદ્ધ થાય જ છે. એટલે પંજાબી સુબાના નિર્ણયનું ઔચિત્ય સ્વીકારવું રહ્યું.

આ દેશમાં હિંસા ફાટી નીકળતાં અને તોફાનનો દોર સમાજ વિરોધી તત્ત્વોના હાથમાં સરકી જતાં વાર નથી લાગતી. આ વસ્તુના મૂળ કારણ વિચારવામાં હવે કોઈ પણ વિલંબ સહ્ય નહિ લેખાય એ વિચારવું રહ્યું કે લોકો શાંતિથી વિરોધ વ્યકત કરવાને બદલે હિંસક કેમ બની જાય છે. લોકશાહીમાં શાંતિપૂર્વક વિરોધને વ્યકત કરવાની છૂટ અપાઇ જ છે. વળી આપણી પ્રજા પ્રકૃતિએ હિંસક છે એમ પણ નથી. તો પછી આ હિંસાના કારણો શાં છે? એનો જવાબ છે નિર્બળતા અને ભય. નબળો અને ભયભિત બનેલો આદમી એકદમ હિંસક બની જાય છે. આ નિર્બળતા જ્ઞાતિ, ભાષા અને ધર્મના વિચ્છેદક બળોની જ નીપજ છે. અલબત્ત, અકિંચનતા એ પણ એક આ નિર્બળતાનું પોષક તત્ત્વ છે. વળી નોકરશાહી અને પ્રજા વચ્ચેના પારસ્પરિક સંબંધમાં માનવસ્પર્શનો અભાવ છે એ મુદ્દો પણ આ પરિસ્થિતિના સંદર્ભમાં વીસરવા સરખો નથી. લોકોનાં ટોળાંની સાથે કામ પાડવાની આપણી ટેકનીકમાં કંઈક પરિવર્તન આણવાની જરૂર છે. બંગાળમાં દરેક પક્ષે અખત્યાર કરેલી વલણ જડતાભરી હતી. શ્રી નન્દાની સલાહ અને દોરવણી પછી જ વલણમાંથી જડતા દૂર થઇ. વિરોધ પક્ષ જો પોતાની માગણીને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી મૂકે અને સરકાર સમક્ષ અનિષ્ઠ પરિસ્થિતિના પુનરાર્વતનનો ભય ખડો કરે તો સહકારભર્યું નિરાકરણ શોધવાનો માર્ગ અવરોધાશે. આ વસ્તુ બંગાળે ધ્યાનમાં લેવા જેવી છે. વિરોધ અને મતભેદોનું શમન મંત્રણાથી જ થઇ શકે. એ માટે અન્ય કોઇ વિકલ્પ નથી. આજની આ પ્રકારની પરિસ્થિતિમાં તાશ્કંદ જાહેરનામાની ભાવના ઘણી માર્ગદર્શક બની શકે એમ છે.

જન્મભૂમિ'માંથી સાભાર ઉધ્ધૃત

## આંસુની ભાષા

આંસુની ભાષા ઉકેલવા માટે ધબકતું એવું નિર્મળ દિલ જોઇએ.

## સામનો

ઘર છોડીને ભાગી જવાની વૃત્તિથી કે આપઘાત નોતરતા બનાવોથી એક વાત સ્પષ્ટ બને છે કે જીવન જે સ્વરૂપનું છે તેનો સામનો કરવાની શકિત આજનો યુવાન ગુમાવી બેઠો છે.

## સાધુ અને જાદુ

જાદુગરને સાધુ થવાનું મન થતું નથી પરંતુ સાધુને ઘણીવાર જાદુગર થવાની ઇચ્છા થાય છે અને તે ચમત્કારમાં સરી પડે છે.

ફૂલને મારગ સૌ કોઈ જાયે, કાંટા મારગ કોઈ

# કાંટાળા પથનું કામણ

આલ્બર્ટ શ્વાઈત્ઝર

આકસ્મિક બની મુસીબતો વહોરી લેવા હું માગતો નહીં, પણ બીજા સાથે ભાઈબંધીમાં સાઠમારી ખેલી તેમની સાથે મારા બળાબળની બરાબરી કરવાનું મને ગમતું. એક દિવસ નિશાળેથી ઘેર આવતો હતો ત્યારે મારી અને જ્યોર્જ નિત્શેલ્મ વચ્ચે કુસ્તી જામી. મારાથી એ કદાવર વધારે, એટલે બળિયો પણ વધારે હશે એમ લાગે, પણ મેં એને પટકી દીધો. એને ચીત કરી હું એના પર બેઠેલો ત્યાં બળ કરીને એ બોલ્યોઃ 'હાસ્તો, તારી માફક મને પણ અઠવાડિયે બે વાર સેરવો ખાવા મળે તો હુંય તારો જેટલો જ જોરાવર થઈ જાઉં!' રમતરમતમાં ખેલાયેલી આ કુસ્તીના આ અંજામે હું હતબુદ્ધિ બની ગયો. જેમ તેમ હું ઘેર આવ્યો. અગાઉ અન્ય પ્રસંગોએ જે બાબત મારે સહન કરવી પડેલી, બરોબર એ જ બાબત જ્યોર્જ નિત્શેલ્મે વિઘાતક સ્પષ્ટતાથી મારા મોઢે ફટકારી હતી, કે ગામના છોકરા કોઈ મને તેમનામાંનો એક ગણતા ન હતા. તેમને મન એમ કે હું તો તેમના કરતાં ઘણા સુખિયા ઘરનો, પાદરીનો પુત્ર. મોટા માણસનો છોકરો. આ બાબતની નિશ્ચયાત્મકતાએ મને ભારે રંજ પહોંચાડ્યો હતો, કારણ કે મારે તો બરોબર તેમના જેવા જ થવું હતું, તેમનાથી લેશ માત્ર પણ વધુ સંપન્ન થવાની મને ઇચ્છા ન થતી. એટલે હવે સેરવો જોતાં વેંત મને તેના પ્રત્યે ઘૃણા આવવા લાગી. ટેબલ પર ગરમાગરમ સેરવો જ્યારે પણ પીરસાતો, જ્યોર્જ નિત્શેલ્મનો અવાજ મારા કાનમાં ગુંજી રહેતો.

એટલે બીજાઓ કરતાં હું કોઈ પણ બાબતમાં જુદો ન પડું તેની હવે મેં ખાસ કાળજી લેવા માંડી. શિયાળામાં પહેરવા માટે મારા બાપુના જૂના કોટમાં જરૂરી ફેરફાર કરાવી મારા માટે એક ઓવરકોટ કરાવ્યો હતો. પણ ગામના કોઈ છોકરા ઓવરકોટ પહેરતા ન હતા, એટલે જ્યારે દરજીએ આવીને મને કોટ પહેરાવ્યો અને કહ્યું: આલ્બર્ટ, તું તો હવે ખરેખર સદ્‌ગૃહસ્થ જેવો લાગે છે,' ત્યારે હું મહાપ્રયત્ને આંસુ ખાળી શકેલો એ કોટ મારે પહેલ વહેલો રવિવારે દેવળ જતી વખતે પહેરવાનો હતો, પણ મેં તો સાફ ના પાડી દીધી કે હું એ નહીં પહેરું. પછી તો ખરો ઝઘડો જામ્યો.

મારા બાપુએ મને કાને ઠોંસો લગાવી દીધો પણ હું એકનો બે ન થયો. એ લોકોએ મને ઓવરકોટ વગર જ દેવળ લઈ જવો પડ્યો એટલું જ નહિ પણ જ્યારે જ્યારે એ ઓવરકોટ પહેરવાની વાત આવતી ત્યારે ત્યારે પાછી એની એ જ રામાયણ ચાલતી. એ નવા કોટના માટે થઈને કેટકેટલી વાર લાકડીથી મારી મરામત થઈ હશે! પણ હું ટસનો મસ ન જ થયો.

એ જ શિયાળે મારી મા મને સ્ટ્રાસબર્ગમાં કોઈક વડીલ સગાને ત્યાં લઈ ગઈ. એને એમ કે સગાને ત્યાં જઈએ છીએ તો એ નામે છોકરાને એકાદ ટોપી અપાવી દીધી હોય તો સારું. તે મને એક સરસ મોટી દુકાને લઈ ગઈ. ત્યાં મને એક પછી એક કેટલીય ટોપી પહેરાવવામાં આવી. આખરે માને

ખલાસીઓ પહેરે છે તેવી એક ટોપી ગમી ગઇ. દુકાનદાર બાઇ પણ કહે કે, આ ટોપી લઇ જાવ. બાબા માટે સારી છે. પરંતુ જજમાનની ઇચ્છા જાણ્યા વગર જ અતિથિ પધરાવવા કરે એ કેમ ચાલે! મને ટોપી મુદ્દલે ન ગમી. કારણ કે ગામમાં કોઈ છોકરો એવી ટોપી પહેરતો ન હતો. મા તથા પેલી બાઇ મને દબાણ કરવા લાગ્યા કે આ ટોપી લે, નહિ તો પેલી લે, એટલે મારો પિત્તો એવો ઊછળ્યો કે દુકાનના સૌ લોકો અમારી પાસે દોડી આવ્યા.

દુકાનદાર બાઇનો ય મિજાજ ગયો. તે તાડૂકીઃ 'મૂરખ છોકરાં, તારે કેવીક ટોપી જોઇએ છે એ કંઇ ખબર પડે કે?'

મેં કહ્યુંઃ 'નવી ફેશનની કોઇ ટોપી મારે ન જોઇએ, ગામડાંમાં છોકરાઓ પહેરે છે એવી ટોપી મારે જોઇએ.' આ સાંભળી તેણે દુકાનની એક છોકરી પાસે ન ખપતા માલમાંથી બદામી રંગની એક કાનટોપી મંગાવી. મેં એ ટોપી ઊલટભેર પહેરી લીધી, પણ બિચારી મારી માને તેના કમઅક્કલ દીકરાના કારણે વીંધતી વાણી તથા તિરસ્કારભર્યા દૃષ્ટિપાતના ભોગ બનવું પડ્યું. મારા લીધે તેને ગામલોક સમક્ષ શરમિંદા થવાનો વારો આવ્યો તે બદલ મને અતિશય સંતાપ થયો, પણ તે મારા પર ખિજાઇ નહીં; મને લાગે છે કે તેને કંઇક ગંધ આવી ગયેલી કે આ બધા પાછળ કોઇ સાચું કારણ હોવું જોઇએ.

આ ગજગ્રાહ ગામઠી નિશાળમાં હું ભણ્યો એ બધો વખત ચાલ્યા કર્યો. એના લીધે મારું જ નહિ પણ મારા પિતાનું જીવન પણ કડવું ઝેર થઇ ગયું. ગામના છોકરા આંગળીઓ ઢંકાય તેવાં મોજાં પહેરતા ન હતા એટલે હું ય તેમના જેવા જ મોજાં પહેરતો. એ લોકો રવિવારે જ ચામડાના બૂટ પહેરતા એટલે હું પણ આડા દિવસે તેમની માફક ચાખડીથી જ ચલાવતો. કોઈ અમને મળવા આવે કે વિખવાદ જામે, કારણ, મહેમાન પાસે તો મોભાસરનાં કપડાં પહેરીને જ હાજર થવું જોઇએ ને? ઘેર હોઉં ત્યારે ઘરના જેમ કહે તેમ હું કરતો, પરંતુ બહાર 'મોટાના છોરુ'ની માફક બનીઠનીને જવાનું થતું ત્યારે હું એવો જિદ્દી બની જતો કે પિતાજીનો ગુસ્સો હાથ ન રહેતો. પરિણામે તેઓ મને કાન પર મુકકીઓ મારતા, ભંડકિયામાં પૂરી દેતા, અને એ બધું હું હિંમતભેર સહન કરી લેતો. મા અને બાપુથી હું આટલો આડો ચાલતો તે માટે મને સાચે જ, ખૂબ જ દુઃખ થતું. મારી બેન લુઇસ મારેથી એક વર્ષ મોટી હતી. મારા મનમાં ખરેખર કેવા ખ્યાલો રમી રહ્યા હતા તેનો એને કંઈક અણસાર હોઈ, મારા પ્રત્યે તે ઠીક ઠીક સહાનુભૂતિ ધરાવતી હતી.

ગામના છોકરાઓએ એ વાત કદી જાણી નહિ કે તેમના વાસ્તે હું કેટકેટલું સહન કરું છું! તેમનાથી કોઇ પણ રીતે જુદા ન તરી જવાય તે માટેના મારા સઘળા પ્રયાસોને તેઓ લાગણીશૂન્ય રીતે નીરખતા, એ તો ઠીક, પણ અમ છોકરાઓમાં ક્યારે ય જરા સરખો ઝઘડો થતો કે તેઓ મને ભયંકર વાક્બાણ બલ્કે બરછીથી વીંધી નાખતાઃ 'હા, ભાઇ હા, તું તો મોટા માણસનો છોકરો ખરો ને?'

મને સવિશેષ સુખી તરુણાવસ્થાની બક્ષિશ આપવામાં આવી છે, એ ખ્યાલ મારા મનમાં હંમેશાં ઘૂમરાયા જ કરતો; એ વિચારનો મારા પર કંઇક જુલમ થતો હોય એમ પણ મને લાગતુ. મારા મનમાં એકદમ સ્પષ્ટ સવાલ ઊઠતો કે મને મળેલા સુખને મારે સાહજિક ગણીને સ્વીકારવું કે કેમ? આ હતો મારા જીવનનો બીજો મહાન અનુભવ સુખ ભોગવવાનો મને હક્ક છે કે કેમ તે વિષેનો. આ અનુભૂતિ બચપણથી

મારી સાથી બનેલી પેલી અનુભૂતિ સાથે એકરૂપ થઇ ગઇ; અર્થાત આપણી આજુબાજુ જગતમાં જે દુઃખો પ્રવર્તી રહ્યાં છે તે પ્રત્યેની મારી ઊંડી સહાનુભૂતિ સુખ અંગેની બીજી અનુભૂતિ સાથે જોડાઇ. આ બે અનુભવો આસ્તે આસ્તે પીગળીને એક થઇ ગયા. અને પછી સમગ્ર જીવન વિષેની મારી અભિવ્યક્તિમાં નિશ્ચિતતા સંલગ્ન બની. અને ખાસ કરીને મારા પોતાના ભાવિ જીવન વિષે હું નિર્ણય કરી શકયો.

એક બાબત મને સતત વધુ ને વધુ સ્પષ્ટ થતી ગઇ કે મારા સુખી યૌવનને, સારા સ્વાસ્થ્યને તથા મારી કામ કરવાની શકિતને સહજરૂપે લેવાનો મને કોઈ અંદરનો અધિકાર નથી. મારામાં ઊંડે ઊંડે વ્યાપેલી સુખની એ અનુભૂતિમાંથી જિસસનાં આ વચન અંગેની મારી સમજણ વધવા માંડી કે, 'આપણું જીવન માત્ર આપણા માટે છે એમ આપણે કદી ન ગણવું. જેમનું અંગત જીવન દુઃખરહિત હોય તેમણે એમ માનવું કે બીજા લોકોનાં દુઃખો ફેડવાની મારી ફરજ છે.'

આ જગતમાં જે કંઇ દુઃખ છે તેમાંથી આપણા ભાગે આવતી યાતના આપણે વહેવી જ રહી. મારા મનના અંધાર ખૂણે મને મૂંઝવી દે એ રીતે આ વિચાર ઘોળાયા કર્યો. કેટલીક વાર તે મારો કેડો મૂકતો ત્યારે મને કંઇક હાશ વળતી, મન મોકળું થતું ને ફરી એક વાર મારા પોતાના જીવનનો હું જ સંપૂર્ણ સ્વામી બનીશ એવી કલ્પનામાં હું રાચવા માંડતો. પરંતુ દુર દુર દૃષ્ટિ-મર્યાદા પર નાનાં નાનાં વાદળો ઘેરાતાં જતાં હતાં. કેટલીક વાર આડું જોઇ લઇ, એ વાદળોને અલબત્ત, હું જોયાં ન જોયાં કરી દેતો પરંતુ તેઓ તો મોટાં ને મોટાં થતાં ગયાં. આસ્તેથી, અવિરામપણે, એ વાદળનો વ્યાપ વધતો જ ગયો અને આખરે તેણે મારા સમગ્ર આકાશને છાઇ દીધું.

> કયારેક એવું બને છે કે આપણે ફૂલની શય્યા પર સૂઈ જઇએ છીએ તો ય દિલને કરાર નથી વળતો; અને કયારેક એવું બને છે કે કાંટા પર દોડીએ છીએ અને એના પ્રત્યેક ડંખમાં આરામ અને આનંદનો એક નશો અનુભવીએ છીએ. સુખ અને દુઃખનો અનુભવ આપણને કોઈ બહારથી લાવીને નથી આપતું. એ તો ખુદ આપણો જ અનુભવ છે, જે કયારેક ઘાવ કરે છે, કયારેક મલમ બની જાય છે.
>
> —મૌલાના આઝાદ

હું ૨૧ વર્ષનો હતો ત્યારે મેં નિર્ણય લીધો ત્યારે હું હજી ભણતો હતો. મેં નક્કી કર્યું કે ત્રીસ વર્ષનો થાઉં ત્યાં સુધી મારે ધર્મોપદેશ, વિજ્ઞાન તથા સંગીતની આરાધનામાં મારૂં જીવન વ્યતીત કરવું જો એટલા વખતમાં સંગીત તથા વિજ્ઞાનનાં ક્ષેત્રે હું ધાર્યા મુજબની કામગીરી કરી શકું તો હું તરત જ એક માનવી તરીકે અન્ય માનવબંધુઓની સેવામાં લાગી જઇશ. એ માર્ગ કેવો હશે તે વચગાળાના સમયના સંજોગો મને શિખવાડશે એવી મારી ધારણા હતી.

આ નિર્ણય લેતી વખતે, સંસ્થાનોમાં તબીબી સહાય આપવાના કામમાં મારે લાગી જવું એવો વિચાર મને સ્ફૂર્યો ન હતો. જુદી જુદી જાતની સહાય કરવાના અનેક વિચારો મને આવેલા પરંતુ વિધ વિધ કારણો સર મારે તે પડતા મૂકવા પડેલા. એમાંથી આ તબીબી સહાય આપવાનો વિચાર ઉદ્ભવ્યો. આખરે સંજોગોની હારમાળાએ કોઢ અને નિદ્રારોગથી પીડાતા આફ્રિકાવાસીઓ પાસે દોરી જતા માર્ગ પર મને લાવી મૂકયો.

## વિહાર દર્શન

પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રી પરાઓ પ્રતિ પધારી રહ્યા છે, આ સમાચારથી પરાવાસીઓમાં આનંદ આનંદ પ્રસરી ગયો. ચૈત્ર વદી ૧૩ ના દિવસે કોટથી વિહાર કરી પૂજ્યશ્રી સંઘ સાથે ચોપાટી કલ્યાણ પાર્શ્વનાથના ઉપાશ્રયે પધાર્યા. ત્યાં ત્રણ દિવસ પ્રવચનમાં લોકોએ જ્ઞાનનો સરસ લાભ લીધો.

શ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિરની ૧૫૪ ની વર્ષગાંઠ વૈશાખ સુદ ૧૦ ના દિવસે હોવાથી ત્યાં અષ્ટાહ્નિકા તથા શાન્તિસ્નાત્ર હતાં. ગોડીજીના ટ્રસ્ટીઓ પૂજ્યશ્રીને આ પ્રસંગે વિનંતિ કરી ગોડીજી લઇ ગયા. પૂજા, પ્રભાવના અને પ્રવચનની ત્રિવેણીથી આખોય દિવસ ઉલ્લાસમય બની ગયો. મધ્યાને જૈન શ્વેતાંબર. મૂ. પૂ. કૉન્ફરન્સના મંત્રી શ્રી પ્રાણલાલ દોશી તથા શા. શાન્તિલાલ મગનલાલ આદિ ગૃહસ્થો કૉન્ફરન્સને વેગવાન બનાવવા અને એમાં પ્રાણ પૂરવા અંગે માર્ગદર્શન માગતાં પૂજ્યશ્રીએ કહ્યું: માત્ર અમારા પ્રવચનો કે વ્યાખ્યાનો ગોઠવવાથી સંસ્થામાં પ્રાણ નહિ પૂરાય. તે માટે સક્રિય કાર્ય કરવું પડશે. સમાજનો મધ્યમ વર્ગ વાતો નહિ, પણ વસ્તુ માગે છે. તે માટે હમણા તરતમાં તો સમાજના સામાન્ય વર્ગને સહાયક થઇ શકાય તે માટે નેત્રયજ્ઞ કર્તવ્ય છે. અને તે અંગે વિશાળતાથી પૂજ્યશ્રીએ માર્ગદર્શન આપ્યું. અને પછી મધ્યમવર્ગના રહેઠાણો અંગે પણ ચર્ચા વિચારણા થઇ. બીજે દિવસે શાસન સ્થાપના દિન પર પૂ. શ્રીનું પ્રવચન હોવાથી હોલ સમય પહેલાં જ ખીચોખીચ ભરાઇ ગયો હતો. પૂ. શ્રીએ ત્રિપદી, શાસનની મહત્તા સમજાવી.

પાયધુનીથી માટુંગા પધારતાં શ્રોતાઓ ચાતકની જેમ આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યા હતા. બે દિવસના પ્રવચનમાં માટુંગાની પ્રજાએ સારો લાભ લીધો.

ઘાટકોપર પૂજ્યશ્રી પધારતાં શ્રી સંઘે ભાવભીનું હાર્દિક સ્વાગત કર્યું.

શ્રી જીરાવલિ પાર્શ્વનાથ પ્રભુના ઉપાશ્રયના વિશાળ કંપાઊન્ડમાં બાંધવામાં આવેલો વિશાળ મંડપ સમય પહેલા જ ભરચક થઇ ગયો હતો. ઊભરાતી જનસંખ્યા માટે બાજુના ઓટલાઓ પર સગવડતા કરવામાં આવી હતી. બરાબર સાડા ત્રણ થતાં પૂજ્યશ્રી વ્યાસપીઠ પર આવતા જયનાદના ધ્વનિથી વાતાવરણ ગુંજી ઊઠયું. આ પ્રવચન પછી બીજે દિવસે મધ્યાને શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીના ઉપાશ્રયે પ્રવચન આપ્યું. અહીં પણ માનવસમૂહ ઘણો જ ઘણો ઊભરાયો હતો.

ઘાટકોપરમાં સર્વોદય હોસ્પીટલ એક પુણ્યની પરબ છે. ક્ષય અને અસ્વાસ્થ્યથી પિડાતા હજારો પીડિત આત્માઓનું એ આરોગ્ય ધામ છે. પંદર સો દર્દીઓ જેમાં સારવાર લઇ સ્વાસ્થ્ય મેળવી હૈયાના આશીર્વાદ વર્ષાવતા જતા આવતા જોવા એ એક અવિસ્મરણીય પ્રસંગ છે.

ઘાટકોપર સર્વોદય હોસ્પીટલ એક માનવીનું જ સ્વપ્ન છે. આ વિરાટ સંસ્થાના પાયામાં એક વ્યક્તિએ પોતાનું જીવન ધરબ્યું છે અને તે છે શ્રી "કાન્તિભાઇ". એમનું જીવન કાર્ય જ સેવા છે. સૂર્યની કાન્તિ જેવા કડક પણ નાળિયેરના પાણી જેવા મીઠા હૈયાના આ માનવને ઓળખવા અને પારખવા માટે પણ એક દૃષ્ટિ જોઇએ.

સર્વોદય હોસ્પીટલના ગાર્ડનમાં પૂજ્યશ્રીનું પ્રવચન ગોઠવાતાં ક્ષયના દર્દીઓના મોં પર પણ લાલી છવાઈ ગઇ હજારો નાગરિકો અને પંદરસો દર્દીઓને પૂજ્યશ્રીએ જે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું તે તો જાણે દવાખાનામાં હજુ પડઘા પાડી રહ્યું છે. આ ખુશાલી નિમિત્તે શ્રી કાન્તિ-ભાઇએ હોસ્પીટલના ચાર સો માણસોના સ્ટાફ અને કર્મચારીઓને બે બે વાર કાપડ ભેટ આપવાની જાહેરાત કરી તેને હજારો તાળિયોના સત્કારથી વધાવી લેવામાં આવી હતી. પ્રવચન અંતે એક હજાર રૂપિયાથી શ્રી કાન્તિભાઇએ જ્ઞાનપૂજન કર્યું હતું....

## ☆ માંગલ્ય-ધ્રુવ ☆

આકાશમાં કોઈ ભયંકર ગ્રહકંપ થયો હોય તેમ આખું આકાશ ભયંકર અવાજથી ઊભરાઈ રહ્યું.

એ વખતે અબ્રાહમ લિંકન પોતાના એક વકીલ મિત્ર સાથે બહાર જંગલમાં ફરવા નીકળ્યો હતો. શાંત દેખાતા આકાશમાં આવું પ્રચંડ તોફાન જોઇને પેલો મિત્ર ગભરાઇ જ ગયો.

લિંકન ઊભો જ હતો. થોડી વારે તોફાન શાંત થયું. પેલો મિત્ર ઊભો થઇને કહે : ' લિંકન ! તમને ડર લાગ્યો ? આખું ઉત્તર દિશાનું આકાશ તૂટી પડ્યું હતું ને !"

"તારી નજર એ તૂટેલા તારલાઓ તરફ હતી એટલે તને ડર લાગ્યો. પણ મારી નજર તો એ તોફાનની પાછળ પણ ઝબકી રહેલા પેલા અડગ–અચળ ધ્રુવ તરફ હતી. પછી મને શાનો ડર લાગે ?"–લિંકને શાંતિથી જવાબ આપ્યો.

જીવન અને જગતનાં તોફાનમાં પણ માંગલ્યના ધ્રુવને જોનારો જ મનની શાંતિ જાળવી શકે એમ છે.

—પ્રકાશ ગજ્જર.

Cable : **OVERHEAD**

# JYOTI WIRE INDUSTRIES

**WINDING WIRES-ALL ALLUMINIUM CONDUCTORS**
**COPPER WIRES & SECTIONS**

*Administration Office :*
165, KIKA STREET,
BOMBAY 4.
**Phone : 334001-2**

*Works at :*
GOREGAON & VIKHROLI
( Bombay )

*Sales Office:*
164, KIKA STREET,
BOMBAY 4.
**Phone : 334137**

# — ✳ રત્ન કણિકા ✳ —

મધુસંચય

✳ સારી રીતભાત તમારી જીવન કળાનો પરિમલ છે.

✳ જેની વાણી રસાળ છે, જેનાં જીવવાથી ઘણા જીવે છે, જે જગતને અનુરાગથી રંજન કરે છે, જે આપ્તજન તેમ જ પરનું હિત કરે છે, જેને જ્ઞાન મેળવવા પ્રતિ અભિરુચિ છે તેવા મનુષ્યનું જીવન ધન્ય છે.

✳ ચંદનનું લાકડું ઘસાય છે ત્યારે તેમાંથી સુગંધ જ પ્રગટે છે; એવી રીતે વિપત્તિમય જીવનદ્વારા ઘસાઇ ઘસાઇને મહાત્માઓ પણ પોતાનાં સુવાસિત જીવનદ્વારા સુગંધ પ્રસરાવે છે.

✳ જગતમાં સૌથી વધુ મિત્રો બનાવવા હોય તો, બીજાઓમાં પ્રેમ અને સદ્‌ભાવથી રસ લેતા થવું જરૂરી રહે છે.

✳ સૌમ્ય હાસ્યની અસર, શબ્દો કરતાય વધુ અસરકારક નિવડે છે.

✳ નીતિ માર્ગમાં કોઈકનું ભલું કર્યા બાદ, બદલો મેળવવાની અપેક્ષાને સ્થાન નથી. કોઇકે તમારું ભલું કર્યું હોય તો, તમે તેને યાદ રાખી વળતું ભલું કરવાની અનુકૂળ તકની પ્રતિક્ષા કરો પરંતુ તમે જે કર્યું હોય તેને, કરીને ભૂલતાં શીખો!

✳ ખુશામતના શબ્દો કે કડવા વચનો કોઇપણ સુશીલ વ્યકિતને પસંદ નથી પડતાં.

✳ ખુશામત કર્યા વિના નમ્ર બનો.

✳ અતિ પરિચય વિના પ્રિય બનો.

✳ આડંબર વિના સત્ય અને સરળતા દ્વારા સહૃદયતાથી સૌનાં મન જીતો.

✳ જો તમે સમજદાર હો તો, કારણ વિના બોલશો નહીં; જેમતેમ બોલશો નહીં; પરિણામનો તોલ કાઢયા સિવાય બોલશો નહીં.

✳ કરકસર અને પ્રમાણિકતા એ સાચા સુખી જીવનની માતા છે તેમ મિતાહાર અને આનંદ એ આરોગ્યતાની બહેન છે.

✳ દુનિયા પ્રેમથી ટકી રહી છે; તેમાં કૃતઘ્નીઓને સ્થાન નથી.

✳ બીજાઓ માટે મરવું એ પ્રેમની પરાકાષ્ટા છે; અને એનુંજ નામ સાચો ધર્મ છે.

✳ જ્યાં આદર્શો જ્વલંત અને અડગ હોય ત્યાં નિષ્ફળતા પ્રવેશી શકે જ નહીં.

## પળને ઓળખો

પરમાત્માના આશીર્વાદ મેળવવાનો અવસર પ્રાપ્ત થાય, ત્યારે મોં ફેરવી લેશો નહિ; અને આવેલી પળને ઓળખી લેજો; ને અવસરને વધાવી લેજો. માનવી માટે ઇશ્વરને ઓળખવાનો આ સિવાય બીજો કોઇ સરળ માર્ગ નથી.

મુદ્રક, પ્રકાશક અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, મહેશચંદ્ર પ્રીન્ટર્સ મુંબઇ નં. ૨. માં છપાવી, ડીવાઇન નૉલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.